**નવો બનતો રોડ રૂ. 13.49 કરોડના ખર્ચે ચાર માર્ગીય બનાવવામાં આવશે**

## ભાયલી-બિલ-ચાપડ-ચાણસદ-ઈટોલા-પોર માર્ગ ફોર લેન બનશે

**અકસ્માતોની** શક્યતા ઘટશે અને સ્થાનિક વેપાર-ઉદ્યોગને પણ પ્રોત્સાહન મળશે





(પ્રતિનિધિ) પાદરા, તા.17
રાજ્ય સરકારની ગ્રાન્ટ માંથી ભાયલી, બિલ, ચાપડ, ચાણસદ, ઈટોલા અને પોર ગામોને જોડતો મહત્વપૂર્ણ માર્ગ અંદાજિત રૂ. 13.49 કરોડના ખર્ચે ચાર માર્ગીય નવીન બનાવવામાં આવશે.

આ માર્ગના વિકાસ કાર્યનું ખાતમુહૂર્ત પરમ પૂજ્ય નારાયણ ચરણ સ્વામીજી અને પરમ પૂજ્ય હરિપ્રકાશ સ્વામીજીની ગરીમામય ઉપસ્થિતિમાં, ધારાસભ્ય ચૈતન્યસિંહ ઝાલા અને ધારાસભ્ય શૈલેષભાઈ મહેતા ના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ધાર્મિક વિધિ અને આશીર્વચન બાદ મહાનુભાવોના હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું. કાર્યક્રમમાં ગ્રામજનો, આગેવાનો અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

આ માર્ગ હાલ સંકુચિત અને વ્યસ્ત હોવાથી વાહનચાલકોને અવરજવર દરમિયાન મુશ્કેલીનો સામનો કરવો પડતો હતો. હવે માર્ગ ચાર માર્ગીય અને પહોળો બનવાથી ટ્રાફિક વ્યવસ્થા સુધરશે, અકસ્માતોની શક્યતા ઘટશે અને સ્થાનિક વેપાર-ઉદ્યોગને પણ પ્રોત્સાહન મળશે. સ્થાનિક નાગરિકોમાં વિકાસ કાર્યને લઈ આનંદની લાગણી વ્યક્ત થઈ હતી અને તેઓએ આશા વ્યક્ત કરી કે કામ ઝડપથી પૂર્ણ થશે જેથી સુવિધામાં નોંધપાત્ર વધારો થશે.

## માસર ગામે ફીનોલેક્ષ કંપનીમાંથી રૂ.25 હજારનું લેપટોપ ગુમ

(પ્રતિનિધિ) પાદરા, તા.17
પાદરા તાલુકાના માસર ગામની સીમમાં આવેલ ફીનોલેક્ષ કંપનીમાંથી આશરે રૂપિયા ૨૫,૦૦૦ કિંમતનું ડેલ કંપનીનું લેપટોપ ગુમ થવાની ઘટના સામે આવી છે. આ અંગે વડુ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોધવામાં આવી છે. પ્રાપ્ત વિગતો ગતરોજ કંપનીના મીટીંગ રૂમમાં કોમન વપરાશ માટે રાખવામાં આવેલ ડેલ કંપનીનું બ્લેક કલરનું લેપટોપ (મોડલ: લેટીટ્યુડ ૩૪૨૦) અચાનક ગુમ થઈ ગયું હતું. આ બનાવ અંગે કંપનીમાં આઈ.ટી. સપોર્ટ એન્જિનિયર તરીકે ફરજ બજાવતા મનીષભાઈ અશોકભાઈ માલી (ઉ.વ.૩૩), રહે. બીલ-સોખડા રોડ, વડોદરા દ્વારા વડુ પોલીસ સ્ટેશનમાં જાણ કરવામાં આવી હતી.

**બહાર થી બાયપાસ કાઢવો જોઈએ જેનાથી નસવાડી ટાઉનની પ્રજા ને મુશ્કેલી ના પડે**

## નસવાડીમાંથી ગુજરાત-મધ્યપ્રદેશને જોડતો હાઈવે પસાર થતો હોવાથી ટ્રાફિકની સમસ્યા

**વાહનો ના** કારણે નસવાડી ટાઉન માં ટ્રાફિક જામ ની સમસ્યા હરરોજ ઊભી થાય છે



(પ્રતિનિધિ) નસવાડી, તા.17
નસવાડી કવાંટ છોટાઉદેપુર અને મધ્યપ્રદેશ રાજ્ય ને જોડતો હાઈવે નસવાડી ટાઉન માંથી પસાર થાય છે ત્યારે હાલ નસવાડી ટાઉન માં મોટા મોટા ભારદારી વાહનો પસાર થાય છે આ વાહનો ના કારણે નસવાડી ટાઉન માં ટ્રાફિક જામ ની સમસ્યા હરરોજ ઊભી થાય છે જેનું મુખ્ય કારણ રસ્તો સાંકળો છે અને વાહન વ્યવહાર વધી ગયો છે જ્યારે ગુજરાત અને મધ્યપ્રદેશ બે રાજ્યો ને જોડતો મુખ્ય હાઈવે હોય જેનાથી વાહનો ની અવરજવર પણ વધારે રહે છે. જ્યારે ટ્રાફિક જામ થાય ત્યારે પ્રદૂષણ ની સમસ્યા નસવાડી ટાઉન માં થતી હોવાથી હાલ તો વેપારીઓ ને શ્વાસોશ્વાસ માં તકલીફ પડી રહી છે. અને તાલુકાના 210 ગામો માંથી લોકો ખરીદી કરવા માટે નસવાડી ખાતે આવે છે. ત્યારે તેઓને પણ ટ્રાફિક ની સમસ્યા ના કારણે મુશ્કેલી વેઠવાનો વારો આવે છે.

જ્યારે નસવાડી કવાંટ છોટાઉદેપુર ના હાઈવે નો નસવાડી ગામ ની બહાર થી બાયપાસ કાઢવો જોઈએ જેનાથી નસવાડી ના ગ્રામજનો અને વેપારીઓ અને તાલુકામાં માંથી ખરીદી કરવા માટે આવતા લોકો ને મુશ્કેલી ના પડે જ્યારે ગામની બહાર થી બાયપાસ કાઢવામાં આવે તો ભારદારી વાહનો ને પણ કોઈ મુશ્કેલી ના પડે પસાર થવામાં તેમ છે ત્યારે તંત્ર દ્વારા નસવાડી ગામની બહાર થી નસવાડી કવાંટ છોટાઉદેપુર ને જોડતા હાઈવે નો બાયપાસ કાઢવામાં આવે.

**ખાણખનીજ વિભાગને શંકાની નજરે જોતા અછાલા વિસ્તારના લોકો**

## અછાલા પ્રા. શાળાની બિલ્ડિંગના કામમાં લેવાતી રેતી બાબતે લોકચર્ચા

**સરકારી કામમાં** જો બિનઅધિકૃત રેતીનો ઉપયોગ થતો હોય તો જવાબદારી કોની



(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.17
છોટાઉદેપુર જિલ્લાના અછાલા ગામે આવેલી પ્રાથમિક શાળાની નવી બિલ્ડિંગનું કામ હાલ ચાલુ છે. કામ દરમિયાન ગેરકાયદેસર ટ્રેક્ટર દ્વારા રેતી નાખવામાં આવતી હોવાની ચર્ચા ગામમાં જોર પકડી રહી છે. સ્થાનિકોમાં સવાલ ઊઠી રહ્યા છે કે શું આ રેતી વાપરવા માટે ગ્રામ પંચાયતમાંથી જરૂરી પરવાનગી લેવામાં આવી છે? તેમજ વાપરેલી રેતી બાબતે કાયદેસર ચાલતી ખાણમાંથી રોયલ્ટી ભરીને ખરીદ કરીછે છે કે નહીં? તેવી ચર્ચા ગામમાં સર્વત્ર થઈ રહી છે.

કારણે કે આખી બિલ્ડીંગનું ટેન્ડર બનતું હોય કેટલા મેઘાટન રેતી વાપરવામાં આવનારછે એટલીજ માત્રામાં કામ શરુ થયું તે તારીખથી આજની તારીખ સુધીની અલગ અલગ રોયેલ્ટી હોવી જોઈએ જો હોય તો ઈજરદાર સાચા અને ના હોય તો ચર્ચાઓ ખોટી સાબિત થશે.

આમ તો સામાન્ય નાગરિકનો એક ટ્રેક્ટર રેતી સાથે ઝડપાય તો ખાણ-ખનિજ વિભાગ દ્વારા રૂ. ૪૫૦૦૦ રૂપિયા સુધીનો દંડ ફટકારવામાં આવે છે. ત્યારે સરકારી કામમાં જો બિનઅધિકૃત રેતીનો ઉપયોગ થતો હોય તો જવાબદારી કોની ગણાય? લોકોના મતે ખાણ ખનીજ ગણાય સાથે મહત્વનો પ્રશ્ન એ પણ છે કે જો દંડ વસૂલાય તો શું આ રકમ પંચાયતના ખાતામાં જમા થશે કે પછી ખાણ-ખનિજ વિભાગ દ્વારા સંબંધિત એજન્સી કે કોન્ટ્રાક્ટર સામે કાર્યવાહી કરવામાં આવશે?હાલ ગ્રામજનો દ્વારા પારદર્શિતા અને યોગ્ય તપાસની માંગ ઉઠી રહી છે.

**નસવાડી તાલુકાની ચોરામલ ચોકડી પાસેથી**

## એલસીબી પોલીસે રૂ. 2.68 લાખનો વિદેશી દારૂ ઝડપી પાડ્યો



(પ્રતિનિધિ) નસવાડી, તા.17
નસવાડી તાલુકામાંથી મોટા મોટે ગેરકાયદેસર વિદેશી દારૂ ની હેરાફેરી થાય છે ત્યારે છોટાઉદેપુર લોકલ ક્રાઈમ બ્રાન્ચ પોલીસ ને નસવાડી તાલુકાના ભાખા, વઘાચ, ચોરામલ ચોકડી થઈ ને નસવાડી બાજુ ટાટા કંપની ની પંચ ગાડી માં ભારતીય બનાવટ નો વિદેશી દારૂ લઈ જવાતો હોવાની બાતમી મળતા એલ સી બી પોલીસ દ્વારા ટાટા કંપની ની પંચ ગાડી નંબર BR 06 CZ 3290 ને કોર્ડન કરતા ચોરામલ ચોકડી પાસે ઉભી રાખીને તપાસ હાથ ધરતા ગાડી માંથી ભારતીય બનાવટ નો વિદેશી દારૂ ની 1223 નંગ બોટલ મળી આવી હતી જેની કિંમત 2 લાખ 68 હજાર 606 રૂપિયા અને ટાટા કંપની ની પંચ ગાડી ની કિંમત 5 લાખ રૂપિયા મળી કુલ 7 લાખ 68 હજાર 606 રૂપિયાનો મુદ્દામાલ લોકલ ક્રાઈમ બ્રાન્ચ પોલીસ દ્વારા ઝડપી પાડવામાં આવ્યો હતો જ્યારે ગુન્હેગાર ફરાર છે.

## પાદરા-જંબુસર રોડ પર સ્ટર્લિંગ હોસ્પિટલ પાસે કપચી ભરેલી ટ્રક પલટી, ડ્રાઈવર ઇજાગ્રસ્ત



**પાદરા :** પાદરા-જંબુસર હાઈવે પર આજે એક ગંભીર અકસ્માત સર્જાયો હતો. સ્ટર્લિંગ હોસ્પિટલ પાસે કપચી ભરેલી એક ટ્રક અચાનક પલટી ખાઈ જતાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આ દુર્ઘટનામાં ટ્રક ચાલકને ઈજાઓ પહોંચી હોવાનું જાણવા મળ્યું છે. મળતી માહિતી મુજબ, કપચી ભરેલી ટ્રક પાદરાથી જંબુસર તરફ જઈ રહી હતી, તે દરમિયાન સ્ટર્લિંગ હોસ્પિટલ નજીક ચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવતા ટ્રક રોડની સાઈડમાં પલટી મારી ગઈ હતી. ટ્રક પલટી જતાં તેમાં ભરેલી કપચી રોડ પર વેરાઈ ગઈ હતી, જેના કારણે થોડા સમય માટે વાહનવ્યવહારને પણ અસર પહોંચી હતી. અકસ્માત થતા જ આસપાસના લોકો અને અન્ય વાહનચાલકો તાત્કાલિક મદદ માટે દોડી આવ્યા હતા. ઈજાગ્રસ્ત ડ્રાઈવરને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. સ્થાનિક પોલીસે ઘટનાસ્થળે પહોંચી અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે અને ક્રેઈનની મદદથી ટ્રકને ખસેડવાની તજવીજ શરૂ કરી છે.

## માસર રોડ જેટકો સબ સ્ટેશનમાંથી ૫૦ મીટર કેબલ વાયર ચોરી

(પ્રતિનિધિ) પાદરા, તા.17
પાદરા તાલુકાના માસર રોડ પર આવેલ જેટકો સબ સ્ટેશનમાંથી આશરે ૫૦ મીટર કેબલ વાયર ચોરી થવાનો બનાવ પ્રકાશમાં આવ્યો છે. આ અંગે વડુ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો છે. પ્રાપ્ત માહિતી મુજબ તા.૦૪/૦૨/૨૦૨૬ના રોજ સવારે ૧૧:૩૦ વાગ્યે માસર રોડ સ્થિત જેટકો સબ સ્ટેશન ખાતે કેબલ વાયરના ટુકડા આશરે ૫૦ મીટર, કિંમત અંદાજે રૂપિયા ૧૩,૦૦૦ ની ચોરી કરવામાં આવી હતી. આ બનાવ અંગે ફરીયાદી બ્રીજેશકુમાર ગજેન્દ્રભાઈ પરમાર (ઉ.વ.૨૯), રહે. અક્ષર ચોક, હીરા નગર સોસાયટી, જે.પી. રોડ, વડોદરા દ્વારા ફરિયાદ નોંધાવવામાં આવી છે.

## બોડેલી મોડાસર ચોકડી થી કવાંટ જતા રોડની અધુરી કામગીરી ને લઈ જનતાને પડતી હાલાકી

**આખા રોડ** ઉપર જાણે ધૂળ ડમરીનો માહોલ જોવા મળી રહ્યો છે



(પ્રતિનિધિ) બોડેલી, તા.17
છોટાઉદેપુર જિલ્લામાં આવેલ બોડેલી મોડાસર ચોકડી થી રંગલી ચોકડી તરફ જતો રસ્તો ખૂબ જ બિસ્માર હાલતમાં હોવાથી તંત્ર દ્વારા તેને નવીનીકરણ કરવા માટે ના પગલાં લેવામાં આવ્યા હતા જનતાના ભારે હોબાળા બાદ આ કામગીરી હાથ ધરવામાં આવી હતી છતાં પણ કામગીરી શરૂ કરતાની સાથે જ થોડાક જ દિવસમાં કોન્ટ્રાક્ટર દ્વારા આજુબાજુના સાઈડો ખોદી કામગીરી કરાઈ હતી અને કામ બંધ કરી દેવામાં આવ્યું છે અંદાજિત ૨૦ થી ૩૦ દિવસથી કામ બંધ હોય એવું લોકો દ્વારા જણાવવામાં આવી રહ્યું છે જેથી કરીને બાઈક ચાલકો તથા વાહન ચાલકોને અવર-જવર કરવામાં ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે અને આખા રોડ ઉપર જાણે ધૂળ ડમરીનો માહોલ જોવા મળી રહ્યો છે આ રોડ નો કોન્ટ્રાક્ટ અપાઈ ગયા બાદ પણ આવી ધીમી ગતિ ની કામગીરીથી લોકોને ખૂબ જ મુશ્કેલીઓ પડી રહી છે જિલ્લાના બ્રીજો જર્જરી હાલતમાં હોવાથી ભારધારી વાહનોને આજ રોડ ઉપરથી ડાયવર્ઝન આપવામાં આવે છે છતાં પણ આ રીતની ધીમીગતિની કામગીરી સામે તંત્ર કોઈ પગલાં લેતું નથી.

**વડોદરા જિલ્લામાં 'પર ડ્રોપ મોર ક્રોપ' મંત્ર સાર્થક કરતા ખેડૂતો**

## સૂક્ષ્મ પિયત પદ્ધતિ તરફ ખેડૂતોનું વધી રહ્યું છે આકર્ષણ

**વડોદરા જિલ્લામાં** ચાલુ નાણાકીય વર્ષમાં સપ્ટેમ્બર-2025 સુધીમાં 270 ખેડૂતોએ સૂક્ષ્મ પિયત પદ્ધતિ અપનાવી

(પ્રતિનિધિ) વડોદરા, તા.17
રાજ્ય સરકાર દ્વારા ખેતીમાં પાણીનો કરકસરભર્યો ઉપયોગ થાય અને ઉત્પાદનમાં વધારો થાય તે હેતુથી 'પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના' અમલમાં મૂકવામાં આવી છે. આ યોજનાના અસરકારક અમલીકરણ માટે નોડલ એજન્સી તરીકે કાર્યરત 'ગુજરાત ગ્રીન રિવોલ્યુશન કંપની લિ.' દ્વારા વડોદરા જિલ્લામાં સઘન પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે, જેના પરિણામે જિલ્લાના ખેડૂતો આધુનિક ખેતી પદ્ધતિ તરફ વળ્યા છે.

વડોદરા જિલ્લામાં વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન (સપ્ટેમ્બર-૨૦૨૫ સુધીમાં) કુલ ૨૭૦ ખેડૂતોએ સૂક્ષ્મ પિયત પદ્ધતિ અપનાવી છે. જેના થકી કુલ ૩૦૪.૭૯ હેક્ટર જમીન સિંચાઈ હેઠળ આવરી લેવામાં આવી છે. આ સમયગાળા દરમિયાન સરકારશ્રી દ્વારા ખેડૂતોને કુલ રૂ. ૨.૦૬ કરોડથી વધારેની માતબર સબસિડી સહાય ચૂકવવામાં આવી છે.

ચાલુ નાણાકીય વર્ષના સપ્ટેમ્બર માસ સુધીમાં શિનોર તાલુકાના ૮૫ ખેડૂતો, વડોદરા તાલુકાના ૫૪ ખેડૂતો, ડભોઈના ૪૨, કરજણ તાલુકાના ૩૫ ખેડૂતો, સાવલીના ૩૨, વાઘોડિયાના ૧૦, પાદરા તાલુકાના ૮ ખેડૂતો અને ડેસર તાલુકાના ૪ ખેડૂતોએ સૂક્ષ્મ પિયત પદ્ધતિ અપનાવીને સબસિડીનો લાભ લીધો છે.

યોજનાની શરૂઆત (વર્ષ ૨૦૦૫-૦૬) થી લઈને સપ્ટેમ્બર-૨૦૨૫ સુધીમાં વડોદરા જિલ્લામાં ૧૩,૮૮૫ ખેડૂતોએ સૂક્ષ્મ પિયત પદ્ધતિથી ૨૩,૨૭૭ હેક્ટર જમીનને સિંચાઈ હેઠળ આવરી છે. તથા અત્યાર સુધીમાં કુલ રૂ. ૯૭.૩૯ કરોડથી વધુની રકમ સબસિડી પેટે ખેડૂતોના ખાતામાં જમા કરવામાં આવી છે.

## પાટોદમાં પ્રાથમિક શાળાનું અને મોભામાં પંચાયત ઘરનું ધારાસભ્યના હસ્તે ખાતમુહૂર્ત

**રૂ. 1.50** કરોડના ખર્ચે બનનાર નવી પાટોદ પ્રાથમિક શાળા



(પ્રતિનિધિ) પાદરા, તા.17
પાટોદમાં પ્રાથમિક શાળાનું અને મોભામાં પંચાયત ઘરનું ધારાસભ્યના હસ્તે ખાતમુહૂર્ત, શૈક્ષણિક અને વહીવટી સુવિધાઓ મજબૂત બનશે. પાદરા તાલુકાના પાટોદ અને મોભા ગામે વિકાસના બે મહત્વપૂર્ણ પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

વિદ્યાર્થીઓને આધુનિક અને સુવિધાસભર પ્રાથમિક શિક્ષણ મળી રહે તે હેતુસર પાટોદ ખાતે અંદાજિત રૂપિયા ૧.૫૦ કરોડના ખર્ચે બનનાર નવી "પાટોદ પ્રાથમિક શાળા"ના નિર્માણ કાર્યનો પ્રારંભ ધારાસભ્ય ચૈતન્યસિંહ ઝાલા ના હસ્તે ખતમુહરત કરી કરાયો હતો. ખાતમુહૂર્ત પ્રસંગે રમણભાઈ પટેલ, કાંતાબેન પરમાર, હંસાબેન વસાવા સહીત ચૂંટાયેલ જનપ્રતિનિધિઓ, વિવિધ સંગઠનોના હોદ્દેદારો, ગ્રામ્ય આગેવાનો, શિક્ષકગણ, વિદ્યાર્થીઓ અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

આ ઉપરાંત ગ્રામજનોને વહીવટી સુવિધાઓ સરળતાથી અને અસરકારક રીતે મળી રહે તે હેતુસર મોભા ગામે અંદાજિત રૂપિયા ૨૫ લાખના ખર્ચે બનનાર નવીન પંચાયત ઘરનું ધારાસભ્ય ચૈતન્યસિંહ ઝાલાના હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

**ખુલ્લી ટ્રોલીમાં તાડપત્રી પાથર્યા વગર માટી ભરીને દોડતા ટ્રેક્ટરો**

## શિનોરમાં હેવી ડમ્પર દોડતા થતાં વાહન ચાલકો ઊડતી માટીથી ત્રાહિઆમ

**માટી તાડપત્રી** પાથર્યા વગર લાવવામાં આવતી હોવાથી હાઈવા ડમ્પરો માંથી ઊડતી માટી



(પ્રતિનિધિ) શિનોર, તા.17
શિનોર તાલુકાના સાધલી ગામે ખુલ્લી ટ્રોલીમાં તાડપત્રી પાથર્યા વગર માટી ભરીને જતા ટ્રેક્ટરો માંથી ઊડતી માટી ના કારણે પાછળથી આવતા દ્રીચકી વાહન ચાલકો અને રાહદારીઓને ભારે મુશ્કેલી પડી રહી હતી.તેવામાં હાલમાં સાધલી - કાયાવરોહણ માર્ગની ચાલી રહેલી કામગીરીમાં માટી પુરાણ ચાલી રહ્યું છે,આ માટી શિનોર ગામ નજીક થી હાઈવા ડમ્પરોમાં લાવવામાં આવી રહી છે.પરંતુ માટી તાડપત્રી પાથર્યા વગર લાવવામાં આવતી હોવાથી હાઈવા ડમ્પરો માંથી ઊડતી માટી પાછળથી આવતા દ્રીચકી વાહન ચાલકો ના આંખોમાં પડી રહી છે,જેને લઈને અકસ્માત ની ભીતિ પણ વાહન ચાલકો સેવી રહ્યા છે,આ ઉપરાંત આ હાઈવા ડમ્પરો સાધલી મેઈન બજારના ભરચક વિસ્તારમાંથી પણ પસાર થતા હોય,રાહદારીઓને પણ મુશ્કેલી પડી રહી છે,ત્યારે જવાબદાર તંત્ર બેજવાબદાર બની ને તાડપત્રી પાથર્યા વગર માટી વહન કરતા ડમ્પર ચાલકો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તેવી લોકમાંગ ઊઠવા પામી છે.

**કુરાલ ખાતે શ્રી પ્રદેશ જ્યોતિ વિદ્યામંદિરમાં આયોજન**

## ધોરણ 10 અને 12ના વિદ્યાર્થીઓ માટે શુભેચ્છા સમારંભ યોજાયો



(પ્રતિનિધિ) નસવાડી, તા.17
કુરાલ ખાતે આવેલ શ્રી પ્રદેશ જ્યોતિ વિદ્યામંદિરમાં ધોરણ 10 અને ધોરણ 12ના વિદ્યાર્થીઓ માટે શુભેચ્છા સમારંભ તથા શાળાના મદદનીશ શિક્ષક શ્રી વિજયકુમાર ચતુરભાઈ નાઈ સાહેબનો વયનિવૃત્તિ નિમિત્તે વિદાય સમારંભ યોજાયો હતો. કાર્યક્રમ ભવ્ય ઉપસ્થિતિ વચ્ચે ઉત્સાહપૂર્ણ માહોલમાં સંપન્ન થયો હતો. સમારંભમાં વડોદરા જિલ્લા શાળા સંચાલક સંઘના પ્રમુખ અરવિંદભાઈ પટેલ મુખ્ય અતિથિ તરીકે હાજર રહ્યા હતા.

અતિથિ વિશેષ તરીકે મદદનીશ શિક્ષણ નિરીક્ષક જયેશભાઈ શ્રીમાળી, પારુલ યુનિવર્સિટીના માર્કેટિંગ મેનેજર આયુષભાઈ સાધુ, ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળના મહામંત્રી ભરતભાઈ ઉપાધ્યાય, ગુજરાત રાજ્ય શિક્ષક સંઘના મહામંડળ કોષાધ્યક્ષ ભૂરસિંહભાઈ રાઠવા, અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘના પ્રાંત ઉપાધ્યક્ષ રાજેશભાઈ અમીન તથા વડોદરા જિલ્લા માધ્યમિક શિક્ષક સંઘના મહામંત્રી હિતેશભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. કુરાલ ગ્રામ પ્રગતિ મંડળના હોદ્દેદારો, કારોબારી સભ્યો, આમંત્રિત મહેમાનો, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને શાળાના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

## જેતપુરપાવીના વડાતળાવ વિસ્તારમાંથી એલસીબીએ રૂ.12.83 લાખનો દારૂ પકડયો

**કોર્ડન કરી** ઉભી રખાવી ફોર વ્હીલર ગાડીમાં જોતાં ભારતીય બનાવટનો વિદેશી દારૂ



(પ્રતિનિધિ) જેતપુરપાવી, તા.17
જેતપુર પાવી પોલીસ સ્ટેશન વિસ્તારના વડાતળાવ ચાર રસ્તા ઉપર બલેનો ગાડીમાં લઈ જવાતો કિં.રૂ.૭,૮૩,૨૪૦/- નો ભારતીય બનાવટનો વિદેશી દારૂ તથા બલેનો ગાડી મળી કુલ કિં.રૂ.૧૨,૮૩,૨૪૦/- ના મુદ્દામાલને ઝડપી પાડતી લોકલ કાઈમ બ્રાન્ચ છોટાઉદેપુર.

છોટાઉદેપુર જિલ્લા ના એમ.એફ.ડામોર પોલીસ ઈન્સ્પેક્ટર એલ.સી.બી છોટાઉદેપુર નાઓ ના માર્ગદર્શન હેઠળ એલ.સી.બી સ્ટાફના પોલીસ કર્મચારીઓ જેતપુર પાવી પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટોલીંગમાં હતા તે દરમ્યાન એલ.સી.બી પો.ઈન્સ નાઓએ ટેલીફોનથી સમજ કરેલ કે

એક મારૂતી સુઝુકી કંપનીનુ સફેદ કલરની રજી.નંબર વગરની બલેનો ગાડીનો ચાલક ભારતીય બનાવટનો વગર પરમીટે વિદેશી દારૂ ભરી વડાતળાવ ચાર રસ્તા તરફ આવે છે, જે બાતમી હકીકત આધારે બાતમી હકીકતમાં જણાવ્યા મુજબના વર્ણનવાળી સફેદ કલરની રજી.નંબર વગરની બલેનો ગાડી આવતા તેને કોર્ડન કરી ઉભી રખાવી ફોર વ્હીલર ગાડીમાં જોતાં ભારતીય બનાવટનો વિદેશી દારૂ ભરેલ મળી આવેલ.

ફોરવ્હીલર ગાડીમાં ગેરકાયદેસર રીતે ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલ નંગ-૨૪૪૦ ની કુલ કિં.રૂ.૭,૮૩,૨૪૦/- નો પ્રોહી મુદ્દામાલ તથા ઉપરોક્ત પ્રોહી મુદ્દામાલની હેરાફેરીમાં વાપરેલ બલેનો ફોરવ્હીલર ગાડી જેની કિં.રૂ.૫,૦૦,૦૦૦/- મળી કુલ કિંરૂ.૧૨,૮૩,૨૪૦/- નો મુદ્દામાલ કબ્જે કરેલ હોય આગળની કાર્યવાહી હાથ ધરેલ છે.